# મોડાસા પાલિકાના પ્રમુખના મનસ્વી વર્તન સામે કોંગ્રેસ દ્વારા ધરણા કરાશે

મોડાસા, તા. ૪

મોડાસા નગરપાલિકામાં નવા આવેલા મહિલા પ્રમુખની મનસ્વી કામગીરી સામે આખરે સામાન્ય સભામાં હોબાળો થતા નારાજ થયેલા વિપક્ષે આગામી ૯ ફેબ્રુઆરીના રોજ પ્રમુખના વર્તન સામે ધરણા યોજવાનો કાર્યક્રમ જાહેર કરતા ભાજપામાં સન્નાટો છવાયો છે. ભાજપ બહુમતિના જોરે નિતીનિયમો નેવે મુકીને વહીવટ કરતો હોવાની બૂમ ઉઠતાં આગામી દિવસોમાં પાલિકામાં ભારે ખેંચતાણ થવાની સંભાવના છે.

અરવલ્લી જિલ્લાની સમખાવા પૂરતી હાથમાં આવેલી મોડાસા નગરપાલિકાનું સુકાન શિક્ષક એવા વનિતાબેન પટેલને સોંપવામાં આવ્યું છે. શિક્ષક હોવાના કારણે વર્ગોમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં માહેર એવા પ્રમુખ મોડાસા નગરપાલિકાના પ્રમુખપદની જવાબદારીમાં ઉણા ઉતરતા હોવાની બૂમ ઉઠી છે. વિદ્યાર્થીઓને ભણાવવાની વાત જુદી છે પણ કોંગ્રેસના સભ્યોને તેઓ રાજકીય પાઠ ભણાવવામાં નિષ્ફળ નિવડ્યા છે. જેના લીધે આખા શહેરમાં બૂમ ઉઠી છે. નવાઈની વાત તો એ છે કે મોડાસા પાલિકાના કર્મચારીઓમાં પણ બેનના કડક સ્વભાવ તથા વર્તનના લીધે નારાજગી ફેલાઈ છે. આ અંગે વધુ વિગતો આપતા કોંગ્રેસના સીનીયર કાઉન્સીલર જી.આઈ. ખાલકે જણાવ્યું હતું કે ગઈ ૩૦ના રોજ મોડાસા પાલિકાની સામાન્ય સભા હતી. જેમાં મે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હોવા છતાં પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલી ૧૦૦ લાખની ગ્રાન્ટ પૈકી ૬૫ લાખની ગ્રાન્ટ મોડાસાને અને ૩૫ લાખની ગ્રાન્ટ બાયડને ફળવાઈ હતી તેમાં સર્વાનુમતે વિપક્ષના સહકારથી કામોની તાંત્રિક મંજૂરી મળી હતી પણ વહીવટી મંજૂરી આપવામાં આવી ન હતી. આ બાબતની એજન્ડામાં સમાવેશ કર્યો ન હતો. આ ગ્રાન્ટમાંથી લઘુમતિ સમાજના વિસ્તારમાં કામો કરવામાં આવ્યા નથી. આ બાબતે રજુઆત કરવામાં આવતા મોડાસા પાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ દ્વારા મનમાની કરી ગેરબંધારણીય રીતે સામાન્ય સભા બહુમતિના જોરે આટોપી લીધી હતી. અને વિપક્ષ એવા કોંગ્રેસના સભ્યોને બોલવાનો કે રજુઆતનો ચાન્સ આપ્યો ન હતો. આમ વિપક્ષનો અવાજ દબાવી દેવાનો પ્રમુખે પ્રયાસ કર્યો છે. જેમના વર્તનથી નારાજ થઈ કોંગ્રેસ પ્રમુખ વનિતાબેન સામે આગામી ૯ ફેબ્રુઆરીએ ધરણાનો કાર્યક્રમ યોજશે. આ ઉપરાંત સામાન્ય સભાની કાર્યવાહી વિરૂદ્ધ કલમ ૨૫૮ હેઠળ અપીલ પણ કરશે. આમ મોડાસા પાલિકાના પ્રમુખ વનિતાબેન વિરૂદ્ધ કોંગ્રેસના સભ્યો ખૂલ્લા પડીને વિરોધ કરવા બહાર આવતા આગામી દિવસોમાં શાસક ભાજપ દ્વારા વિવિધ વિકાસના કામો કરવામાં અડચણ થશે તેમાં બે મત નથી. અત્રે નોંધવું ઈચ્છનીય છે કે નવા આવેલા પ્રમુખ શિક્ષક હોવાથી માત્ર વિપક્ષ કોંગ્રેસ નહી પણ મોડાસા પાલિકાના અમુક કર્મચારી પણ તેમની કામગીરીથી નારાજ છે.





## મન હોય તો માળવે જવાય

વિશ્વભરમાં સ્ટ્રીટલાઈટના અજવાળે અને રસ્તા પર બેસીને ભણીગણીને નામ ઉજળુ કરવાવાળાની યાદી ઘણી મોટી છે. જ્યારે આ નાનકડી દીકરી રસ્તા પર બેસી જામફળ વેચી પોતાના પરીવારને પગભર કરવાની કોશિશ સાથે મક્કમ મને ભણવામાં મશગુલ છે. ગરીબી દૂર કરવા ખરેખર શિક્ષણ જ જરૂરી છે તે સુવિધાથી વંચિત બાળક જ સમજી શકે છે. મક્કમ મને ભણી રહેલી આ દીકરીની ખુમારી જોઈ તેના પરીવારનું હૈયું પણ જરૂર ગજગજ ફુલતુ હશે. આ મક્કમ મનના ઈરાદાથી ભણતી દીકરીને જોઈને ખરેખર કહેવાનું મન થાય કે હમ હોગે કામિયાબ એક દિન મન મે હૈ વિશ્વાસ...

# ગાંભોઈ પાસેથી ૧ લાખના વિદેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ત્રણ રસ્તા પરથી બુધવારે વહેલી પરોઢમાં પોલીસે એસેન્ટ કારમાંથી રૂ. ૧ લાખથી વધુના વિદેશી દારૂ સાથે રાજસ્થાનના બે શખ્સોને ઝડપી લીધા છે. પોલીસે વિદેશી દારૂ અને કાર સહિત રૂ. ૪.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ગાંભોઈ પોલીસે બંને શખ્સ વિરૂદ્ધ પ્રોહીબિશનનો ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

દારૂની હેરાફેરીના પ્રકરણ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગાંભોઈ પોલીસ બુધવારે વહેલી પરોઢમાં પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવતી હુન્ડાઈ કંપનીની એસેન્ટ કાર નં. જીજે.૯.એક્સ.૭૯૭૨ને રોકી તપાસ આદરી હતી. તે દરમ્યાન પોલીસને કારમાંથી વિદેશી દારૂની ૨૫૨ બોટલ હાથ લાગી હતી. પોલીસે પરપ્રાંતનો દારૂ ગુજરાતમાં લઈ આવનાર જયદીપ ધનપાલ સેવક (રહે. બડોદા, સિહોરફળી, આસપુર, ડુંગરપુર, રાજસ્થાન) અને મહેશકુમાર મોતીલાલજી કલાલ (રહે. મહેતા કોલોની, ગોર તા. આસપુર, ડુંગરપુર, રાજસ્થાન)ની અટકાયત કરી લીધી હતી.

ગાંભોઈ પોલીસ સ્ટેશનના અ.હે.કો. દિલીપભાઈ વિસાજીએ દારૂની હેરાફેરીમાં ઝડપાયેલા બંને શખ્સ વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનનો ગુનો દર્જ કરાવ્યો હતો. પોલીસે રૂ. ૧,૦૦,૮૦૦ની મત્તાના વિદેશી દારૂ ઉપરાંત રૂ. ૩.૫૦ લાખની કિંમતની એસેન્ટ કાર સહિત કુલ રૂ. ૪.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી પાસ પરમીટ વિનાનો આ દારૂ ક્યાંથી લવાયો હતો અને ક્યાં ઉતારવાનો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠા જિલ્લાકક્ષાની મેરેથોન દોડમાં ડીસા કોલેજ ચેમ્પિયન



ડીસા, તા. ૪

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૬માં ડીસા કોલેજ આર્ટસ એન્ડ કોમર્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં ખેલાડીઓએ સફળતા મેળવી ચેમ્પિયન બન્યા હતા.

ડીસા ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૧૬માં ભાગ લીધો હતો. જેમાં કોલેજના સોતવાડીયા ચંદુકુમાર ૪૦૦ મીટર, ૮૦૦ મીટર તથા ૩૦૦૦ મીટર દોડમાં જિલ્લામાં પ્રથમ ઉંચીકૂદમાં જીતેન્દ્ર માળી જિલ્લામાં પ્રથમ તથા રગુ વડવાસીયાએ ૮૦૦ મીટર દોડમાં ત્રીજો નંબર મેળવ્યો હતો. આ ઉપરાંત બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ દ્વારા પાલનપુર ખાતે મેરેથોન દોડ તેમજ રોટરી ક્લબ દ્વારા ડીસા ખાતે મેરેથોન દોડમાં ડીસા કોલેજના ખેલાડીઓએ ઝળહળતી સફળતા મેળવી હતી. જેમાં ૧૦ કિ.મી. દોડમાં પ્રથમ સોતવાડીયા ચંદુકુમાર પરબતજી, દ્વિતીય વાઘેલા નરસિંહભાઈ ગેમરાજી, ચતુર્થ સોલંકી વિષ્ણુસિંહ ગણેશસિંહ અને પાંચમા નંબરે પરમાર મહેશ ધારસિંહજી તથા બહેનોમાંથી તૃતીય માજીરાણા ક્રિષ્ણાબેન જગતાજી તેમજ ૫ કિ.મી. મેરેથોન દોડમાં પ્રથમ ઠાકોર કલ્પૈશ દિનેશભાઈ, દ્વિતીય વડવાસીયા રઘુજી કુરશીજી, તૃતીય માળી મોતીભાઈ સામળાજી,ચતુર્થ સોતવાડીયા દેહળાજી ગણેશજી આ ખેલાડીઓ બનાસકાંઠા મેરેથોન દોડ અને ડીસા મેરેથોન દોડમાં ચેમ્પિયન બન્યા હતા.

# દહેગામના શખ્સનું એટીએમ બદલી ૮૭,૫૦૦ ઉપાડી લેતા ફરિયાદ

હિંમતનગર, તા. ૪

દહેગામ તાલુકાના કંથારપુર ગામના એક શખ્સનું એટીએમ કાર્ડ અજાણ્યા શખ્સે નજરચૂક કરી બદલી લીધા બાદ તા. ૧ થી ૨ ફેબ્રુઆરી દરમ્યાન હિંમતનગર સિવિલ સામે આવેલ એસ.બી.આઈ.ના એટીએમમાંથી અલગ અલગ સમયે તેમના ખાતામાંથી રૂ. ૮૭,૫૦૦ની જુદી જુદી જગ્યાએથી ઉપાડ કરી લેતા તે અંગે કંથારપુરના આ શખ્સે બુધવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

કંથારપુર ગામે રહેતા જયદીપસિંહ રૂપસિંહ સોલંકી બે દિવસ અગાઉ હિંમતનગર આવ્યા હતા અને તેમને પૈસાની જરૂર પડતા તેમના ખાતામાંથી પૈસા ઉપાડવા માટે હિંમતનગર સિવિલ સામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એટીએમમાંથી કેટલાક રૂપિયા ઉપાડ્યા હતા. દરમ્યાન અહીં હાજર રહેલા એક અજાણ્યા શખ્સે જયદીપસિંહની નજર ચૂકવી તેમનું એટીએમ કાર્ડ બદલી લીધુ હતુ. ત્યારબાદ આ શખ્સે આ કાર્ડનો અન્ય એટીએમમાં ઉપયોગ કરી તેમના ખાતામાંથી રૂ. ૮૭,૫૦૦નો ઉપાડ કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. જે અંગે જયદીપસિંહે બુધવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## બિમારીથી કંટાળી ભટેળાની મહિલાએ એસિડ ગટગટાવ્યુ

વિજયનગર તાલુકાના ભટેળા ગામની મહિલાએ બિમારીથી કંટાળી જઈ ૨૯મી જાન્યુઆરીએ એસિડ ગટગટાવ્યુ હતુ. જેણીને સમયસર સારવાર મળી જતા તેણીનો આબાદ બચાવ થવા પામ્યો છે.

વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભટેળા ગામની ગીતાબેન દિતાજી નિનામા કોઈ બિમારીથી પીડાતા હતા. જેમણે ગત તા. ૨૯મી જાન્યુઆરીએ સવારે ૯ વાગ્યે એસિડની બોટલમાંથી એસિડ ગટગટાવી લીધું હતું. જોકે તેમના ઘરનાઓએ ગીતાબેનને સમયસર દવાખાને પહોંચાડતા તેણીને સારવાર મળી ગઈ હતી. જેમાં ગીતાબેનનો આબાદ બચાવ થયો હતો. આ અંગે ખુદ ગીતાબેને મંગળવારે વિજયનગર પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ડીસા પુરવઠાના ડેપો મેનેજરનો વિદાય સમારંભ યોજાયો

ગુજરાત રાજ્ય પુરવઠા નિગમ સંચાલિત ડીસા ગોડાઉન ખાતે ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ વી. સોલંકીનો તા. ૩૦-૧-૨૦૧૬ના રોજ વિદાય સમારંભ બનાસકાંઠા જિલ્લા પુરવઠા અધિકારી જ્હાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં ડીસા મામલતદાર તેમજ સ્ટાફ, તાલુકા પંચાયતનો સ્ટાફ, તાલુકામાં ચાલતી રસ્તા અનાજની દુકાનોના સંચાલકો વગેરે હાજર રહી ડેપો મેનેજરને શ્રીફળ અને ગણપતિની મૂર્તિ અર્પણ કરી શાલ ઓઢાડી ભાવભરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે રસીકજી ઠાકોર, વિરમજી બારોટ, જયેશભાઈ ઠક્કર, કે.બી. લોધા, આર.જે. બાવા સહિત દુકાનદારો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા. બાદમાં સૌએ સાથે ભોજન લઈ છૂટા પડ્યા હતા.

## જમીનના ઝઘડામાં ઈસમને કુહાડી મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૪

વિજયનગર તાલુકાના વિરેશ્વર ગામે સોમવારે રાત્રે બનેલી ઘટનામાં એકજ પરિવારના સભ્યો વચ્ચે જમીન બાબતે ઝઘડો થયો હતો. જેમાં કુહાડીની ઉંધી મુદર મારી એક ઈસમ અને ગડદાપાટુનો માર મારી મહિલાને ઈજા પહોંચાડતા પોલીસ મથકે મામલો પહોંચ્યો હતો.

વિરેશ્વર ગામના ચંદુભાઈ મગનભાઈ ભગોરા તેની માતા શાંતાબેન, તેની પત્નિ મનુબેને તેમના પરિવારના પંકજભાઈ સોમાજી ભગોરા સાથે સોમવારે રાત્રે ૮ વાગ્યે તારી પાસે જમીન વધારે છે તે તું અમને આપી દે એમ કહી ઝઘડો કર્યો અને ચંદુભાઈએ પંકજભાઈને અપશબ્દો બોલતા પંકજભાઈએ ચંદુભાઈને અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાઈ ગેયલા ચંદુભાઈએ પોતાની પાસેની કુડહાડીથી પંકજભાઈને માર માર્યો હતો. જે સમયે પંકજભાઈના ભાભી રેખાબેન છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. જેને ચંદુભાઈની બા શાંતાબેન અને પત્નિ મનુબેને ગડદાપાટુનો માર માર્યો હતો.

## પાલનપુર ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા કિસાન સશક્તિકરણ દિવ્ય મહોત્સવ યોજાશે

રાજયોગ એજ્યુકેશન એન્ડ રીચર્સફાઉન્ડેશનના ગ્રામ વિકાસ પ્રભાગ અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે તા. ૭ ફેબ્રુઆરીએ કિસાન સશક્તિકરણ દિવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શહેરી ગૃહ નિર્માણ અને વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રી અને બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી આ મહોત્સવનું ઉદ્‌ઘાટન કરશે. જ્યારે ગ્રામ વિકાસ પ્રભાગના મુખ્યાલય સંયોજક રાજયોગી બ્ર.કુ. રાજુભાઈ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન સંભાળશે. ગ્રામ વિકાસ પ્રભાગના રાષ્ટ્રીય સંયોજીકા રાજયોગીની બ્રહ્માકુમારીઝ સરલાબેન આશીર્વચન પાઠવશે. તેમજ બનાસકાંઠા કલેક્ટરશ્રી દિલીપ રાણા અતિથિ વિશેષ પદે, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. અશોકભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે-વિશેષ આમંત્રીત તરીકે ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલ, એન.ડી.ડી.બી.ના ઈ.ડી. સંગ્રામસિંહ ચૌધરી, બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, બિહાર ઝોન સંચાલિકા રાજયોગીની બ્રહ્માકુમારીઝ રાનીદીદી ઉપસ્થિત રહેશે. જ્યારે જિલ્લાના ખેડૂત આગેવાનો દિપ પ્રાગટ્યમાં ઉપસ્થિત રહેશે.



પાલનપુર બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની બ્ર.કુ. ભારતીબેને મિડીયાને ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી આ કિસાન સશક્તિકરણ દિવ્ય મહોત્સવમાં શાશ્વત યોગીક ખેતી, જૈવિક ખેતી, આદર્શ પશુપાલન, સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓ, સરકારશ્રીની કિસાન ઉપયોગી સેવાઓ, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ, અંધવિશ્વાસ અને કુરીવાજોને તિલાંજલિ આપવા જેવા વિષયો પર વિવિધ તજજ્ઞો દ્વારા કિસાન ભાઈ-બહેનોને માર્ગદર્શન આપવામાં આવશે.

## મેઘરજના સારંગપુર ગામેથી સગીરાને ભગાડી જતા ચકચાર

ઈસરી, તા. ૪

મેઘરજ તાલુકાના સારંગપુર ગામની ૧૭ વર્ષીય સગીરાને લાલચ આપી ફોસલાવીને ભગાડી જતા મેઘરજ પોલીસમાં બે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. મેઘરજ તાલુકાની એક હાઈસ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતી એક સગીરા ગત તા. ૨૯ના રોજ સવારે ૭.૩૦ વાગ્યાના અરસામાં શાળામાં જવાનું કહીને ઘરેથી નીકળી હતી અને બપોરના સમયે સગીરા ઘરે ના પહોંચતા તેના પરિવારજનોએ શોધખોળ આદરી હતી. પરંતુ તે જ સ્કૂલમાં અભ્યાસ કરતા તેમના કુટુંબી ભત્રીજાએ જણાવ્યું હતું કે સગીરાને રાજપુર ગામના વિનોદ સોમા ડામોર અને મનુ મોતી ડામોર બંને સગીરાને બાઈક ઉપર બેસાડીને લઈ ગયેલ છે અને વિનોદ અવાર-નવાર સગીરાને ઘરે જવાના સમયે પીછો કરતો હતો તેમજ તેના ઉપર નજર રાખતો હતો. ત્યારબાદ સગીરાના પરિવારજનોએ વિનોદના ઘરે જઈ તપાસ કરતા વિનોદના કાકાએ જણાવ્યું હતું કે વિનોદ આજે સવારે ઘરમાં પડેલી ૬ મણ મકાઈ બજારમાં વેચી તેનું બજાજ બોક્સર બાઈક લઈ ઘરેથી નિકળેલો અને પરત ફર્યો નથી.

## મેઘરજ પોલીસે બાઈક ચોરીનો સગીર આરોપી ઝડપ્યો

મોડાસા, તા. ૪

મેઘરજ નગરમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે ગઈકાલે મેઘરજ પોલીસમાં બાઈક ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. બાઈક ચોરી કરનાર મેઘરજ તાલુકાના ઈપલોડા ગામનો સગીર આરોપી મોહબીન સબીરખાન નથ્થુખાન પઠાણ હાલ રહે. હિંમતનગર છાપરિયા ઝડપાઈ ગયો હતો. આરોપીએ તદ્‌ઉપરાંત બીજા અન્ય ગુનાઓ પણ સ્વીકાર્યા હતા.

મેઘરજ પોલીસમાં ગત મંગળવારના રોજ એક્ટીવા બાઈક જીજે.૩૧.બી.૩૨૪૨ ગુમ થયા અંગે ફરિયાદ નોંધાઈ હતી અને બાઈક માલિક દ્વારા શોધખોળ હાથ ધરતાં સાંજના સમયે પંચાલ રોડ ઉપર એ અજાણ્યો શખ્સ તેમના બાઈક સાથે દેખાતા તેને પકડી પોલીસના હવાલે કર્યો હતો. પોલીસે સઘન પુછપરછ હાથ ધરતાં આરોપીએ આ ઉપરાંત અન્ય જગ્યાએ કરેલી ચોરી અને વેચેલ મુદ્દામાલની માહિતી આપી હતી. જેનાથી બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવું લાગી રહ્યું છે.

## ભેમાપુરમાં કાકા દ્વારા હૂમલો કરાયેલ ભત્રીજાનું મોત નીપજ્યું

મોડાસા, તા. ૪

મેઘરજ તાલુકાના ભેમાપુર (પાંટા) ગામે ગત તા. ૨૫ના રોજ ખેતરમાં શેઢો તોડી નાખવાની સામાન્ય બાબતે ઉશ્કેરાઈ જઈ કાકા માલા કનકા કટારાએ ભત્રીજા ઉપર હીચકારો હૂમલો કર્યો હતો. જેને કારણે ભત્રીજા નાથાભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન આજરોજ સવારના સમયે નાથાભાઈનું મોત નિપજ્યું હતું. તેમના પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

## મેઘરજ બાંધકામ ખાતાના કર્મચારી નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લાના મેઘરજ-માલપુર માર્ગ અને મકાન વિભાગમાં (સ્ટેટ) વર્ગ આસી. તરીકે છેલ્લા ૩૬ વર્ષથી ફરજ બજાવતા કિરીટકુમાર કુબેરદાસ ત્રિવેદી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા હોઈ વિદાય સમારંભ મેઘરજ ખાતે પી.ડબલ્યુ.ડી. સ્ટેટના ડેપ્યુટી એન્જીનીયર એ.કે. ખંભોળજા સુપરવાઈઝર દુરાની, પરમાર તેમજ વર્ક આસી. કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

ત્રિવેદીએ કાબોલા બ્રિજ ૧૯૮૬માં હોનારત વખતે નિષ્ઠાવાન ફરજ બજાવી પુલનો વાહન વ્યવહાર બંધ કરી સંખ્યાબંધ વાહનોને અકસ્માતમાંથી ઉગારી લીધા હતા અને તાત્કાલિક ડાઈવર્ઝન આપ્યુ હતુ. બાદ મેઘરજ-ઉન્ડવા માર્ગ તેમજ ટીટોઈ-મેઢાસણ માર્ગ ઉપર એકધારી ૨૫ વર્ષ સુધી ફરજ બજાવી નિષ્ઠાપૂર્વક કામ કરેલ. ત્રિવેદીના વિદાઈ સમારંભમાં પી.ડબલ્યુ.ડી. સ્ટેટના અધિકારીઓ મોમેન્ટો, ફૂલગુચ્છ, શ્રીફળ તેમજ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. અને ત્રિવેદીની સેવાઓને બીરદાવવામાં આવી હતી.